દુહો

સયલ જિણેસર પાય નમી, કલ્યાણક વિધિ તાસ;

વર્ણવતાં સુણતાં થકાં, સંઘની પૂગે આશ

અમી ભરેલી નજરું રાખો (૨), શાંતિનાથ ભગવાન રે

દર્શન આપો દુઃખડાં કાપો (૨), શાંતિનાથ ભગવાન રે

સમકિત ગુણઠાણે પરિણમ્યા, વળી વ્રતધર સંયમસુખ રમ્યા

વીશસ્થાનકવિધિએ તપ કરી,એસી ભાવદયા દિલમાં ધરી

જો હોવે મુજ શક્તિ ઈસી, સવી જીવ કરું શાસનરસી

શુચિરસ ઢલતે તિહાં બાંધતા, તીર્થંકર-નામ નિકાચતા

સરાગથી સંયમ આચરી, વચમાં એક દેવનો ભવ કરી

ચ્યવી પન્નર ક્ષેત્રે અવતરે, મધ્યખંડે પણ રાજવીકુલે

પટરાણી કુખે ગુણનીલો, જેમ માનસરોવર હંસલો

સુખશય્યાએ રજનીશેષે, ઉતરતાં ચૌદ સુપન દેખે

અમી ભરેલી નજરું રાખો, શાંતિનાથ ભગવાન રે

દર્શન આપો દુઃખડાં કાપો, શાંતિનાથ ભગવાન રે

ઢાળ - ચૌદ સ્વપ્નની

પ્રભુજી મોરા, પહેલે ગજવર દીઠો, જિનજી માતા, બીજે વૃષભ પઈઠો

પ્રભુજી મોરા, ત્રીજે કેસરીસિંહ, જિનજી માતા, ચોથે લક્ષ્મી અબીહ

પ્રભુજી મોરા, પાંચમે ફૂલની માળા, જિનજી માતા, છઠ્ઠે ચંદ્ર વિશાળા

પ્રભુજી મોરા, રવિ રાતો ધ્વજ મ્હોટો, જિનજી માતા, પૂરણ કળશ નહિ છોટો

પ્રભુજી મોરા, દશમે પદ્મ સરોવર, જિનજી માતા, અગિયારમે રત્નાકર

પ્રભુજી મોરા, ભવન વિમાન રત્નગંજી, જિનજી માતા, અગ્નિશિખા ધૂમવર્જિ

પ્રભુજી મોરા, સ્વપ્ન લઈ જઈ રાયને ભાષે, જિનજી માતા, રાજા અર્થ પ્રકાશે

પ્રભુજી મોરા, પુત્ર તીર્થંકર ત્રિભુવન નમશે, જિનજી માતા, સકલ મનોરથ ફળશે

વસ્તુ-છંદ

અવધિનાણે અવધિનાણે, ઉપન્યા જિનરાજ

જગત જસ પરમાણુઆ, વિસ્તર્યા વિશ્વજંતુસુખકાર

મિથ્યાત્વ તારા નિર્બલા, ધર્મઉદય પરભાત સુંદર

માતાપણ  આણંદીયા, જાગતી ધર્મ વિધાન

જાણંતી જગતિલક સમો, હોંશે પુત્ર પ્રધાન (૨)

દુહો

## શુભલગ્ને જિન જનમીયા, નારકીમાં સુખજ્યોત

## સુખ પામ્યા ત્રિભુવનજના, હુઓ જગત ઉદ્યોત

ઢાળ - કડખાની દેશી

(જો સ્નાત્રિયાની સંખ્યા વધારે હોય તો એકની એક લાઈન વધારે વાર ગાઈ શકાય છે)

સાંભળો કળશ જિન-મહોત્સવનો ઈહાં

છપ્પન કુમરી દિશી વિદિશી આવે તિહાં

માય સુત નમીય, આણંદ અધિકો ધરે

અષ્ટ સંવર્ત્ત વાયુથી કચરો હરે

વૃષ્ટિ ગંધોદકે, અષ્ટ કુમરી કરે

અષ્ટ કલશા ભરી, અષ્ટ દર્પણ ધરે

અષ્ટ ચામર ધરે, અષ્ટ પંખા લહી

ચાર રક્ષા કરી, ચાર દીપક ગ્રહી

ઘર કરી કેળના, માય સુત લાવતી

કરણ શુચિકર્મ  જળ કળશે ન્હવરાવતી

કુસુમ પૂજી, અલંકાર પહેરાવતી

રાખડી બાંધી જઈ, શયન પધરાવતી

નમિય કહે માય તુજ બાળ લીલાવતી

મેરુ રવિ ચંદ્ર લગે, જીવજો જગપતિ

સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી

તેણે સમે ઇન્દ્રસિંહાસન કંપતી

સ્વામી ગુણ ગાવતી, નિજ ઘર જાવતી

તેણે સમે ઇન્દ્રસિંહાસન કંપતી

ઢાળ

જિન જન્મ્યાજી, જિન જન્મ્યાજી, જીણ વેળા જનની ઘરે

તિણ વેળાજી, તિણ વેળાજી, ઇન્દ્રસિંહાસન થરહરે

દાહિણોત્તરજી, દાહિણોત્તરજી, જેતા જિન જનમે યદા

દિશિનાયકજી, દિશિનાયકજી, સોહમ ઈશાન બિહું તદા

ત્રોટક છંદ

હે . . . તદા ચિંતે ઇન્દ્ર મનમાં કોણ અવસર એ બન્યો

જિનજન્મ અવધિનાણે જાણી હર્ષ આનંદ ઉપન્યો



સુઘોષ આદે ઘંટનાદે (૨), ઘોષણા સૂરમેં કરે

સવિ દેવી દેવા જન્મમહોત્સવે આવજો સુરગિરિવરે

રે વ્હાલા આવજો સુરગિરિવરે, રે વ્હાલા આવજો સુરગિરિવરે

ઢાળ

એમ સાંભળીજી, એમ સાંભળીજી, સુરવર કોડી આવી મળે

જન્મ મહોત્સવજી, જન્મ મહોત્સવજી, કરવા મેરુ ઉપર ચલે

સોહમપતિજી, સોહમપતિજી, બહુ પરિવારે આવીયા

માય-જિનનેજી, માય-જિનનેજી, વાંદી પ્રભુને વધાવીયા

(અહીં પ્રભુને ચોખાથી વધાવવા)

ત્રોટક છંદ

હે . . . વધાવી બોલે હે રત્નકુક્ષી ધારિણી તુજ સુતતણો

હું શક્ર સોહમ નામે કરશું, જન્મમહોત્સવ અતિઘણો

એમ કહી જિનપ્રતિબિંબ થાપી (૨), પંચરૂપે પ્રભુ ગ્રહી



દેવદેવી નાચે હર્ષ સાથે, સુરગિરિ આવ્યા વહી

રે વ્હાલા સુરગિરિ આવ્યા વહી, રે વ્હાલા સુરગિરિ આવ્યા વહી

ઢાળ

મેરુ ઉપરજી, મેરુ ઉપરજી, પાંડુકવનમેં ચિહું દિશે

શિલા ઉપરજી, શિલા ઉપરજી, સિંહાસન મન ઉલ્લસે

તિહાં બેસીજી, તિહાં બેસીજી, શક્રે જિન ખોળે ધર્યા

હરિ ત્રેસઠજી, હરિ ત્રેસઠજી, બીજા તિહાં આવી મળ્યા

ત્રોટક છંદ

હે . . . મળ્યા ચોસઠ સુરપતિ તિહાં, કરે કળશ અડ જાતિના

માગધાદિ જળતીર્થ  ઔષધિ, ધૂપ વળી બહુ ભાતિના

અચ્યુતપતિએ હુકમ કીનો (૨), સાંભળો દેવા સવે

ખીરજલધિ ગંગાનીર લાવો, ઝટિતિ જિન જન્મ મહોત્સવે

રે વ્હાલા ઝટિતિ જિન જન્મ મહોત્સવે, રે વ્હાલા ઝટિતિ જિન જન્મ મહોત્સવે

ઢાળ

ઓ હસ્તિનાપુરના દાદા, મને લાગો છો તમે વહાલા,

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

સુર સાંભળીને સંચરિયા, માગધ વરદામે ચલિયા

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

પદ્મદ્રહ ગંગા આવે, નિર્મલ જળકળશા ભરાવે

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

તીરથજળ ઔષધિ લેતા, વળી ખીરસમુદ્રે જાતા

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

જળકળશા બહુલ ભરાવે, ફૂલ ચંગેરી થાળા લાવે

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

સિંહાસન ચામર ધારી, ધૂપધાણાં રકેબી સારી

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

સિદ્ધાંતે ભાખ્યા જેહ, ઉપકરણ મિલાવે તેહ

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

તે દેવા સુરગિરિ આવે, પ્રભુ દેખી આનંદ પાવે

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

કળશાદિક સહુ તિહાં ઠાવે, ભક્તે પ્રભુના ગુણ ગાવે

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

ઓ હસ્તિનાપુરના દાદા, મને લાગો છો તમે વહાલા,

મને લાગી તારી ધૂન, મને લાગી તારી ધૂન

**ઢાળ**

(રાગ: ચાંદસી મેહબૂબા હો મેરી કબ)

આતમભક્તિ મળ્યા કેઈ દેવા, કેતા મિત્તનુજાઈ

નારીપ્રેર્યા વળી નિજ કુલવટ, ધર્મી ધર્મસખાઈ

જોઈસ વ્યંતર ભવનપતિના, વૈમાનિક સુર આવે

અચ્યુતપતિ હુકમે ધરી કળશા, અરિહાને નવરાવે

અડજાતિ કળશા પ્રત્યેકે, આઠ આઠ સહસ પ્રમાણો

ચઉસઠ સહસ હુઆ અભિષેકે, અઢીસેં ગુણા કરી જાણો

સાઠ લાખ ઉપર એક કોડી, કળશાનો અધિકાર

બાસઠ ઈન્દ્ર તણા તિહાં બાસઠ, લોકપાલના ચાર

ચંદ્રની પંક્તિ છાસઠ છાસઠ, રવિશ્રેણી નરલોકો

ગુરુસ્થાનક સુર કેરો એકજ, સામાનિકનો એકો

સોહમપતિ ઈશાન પતિની, ઈન્દ્રાણીના સોળ

અસુરની દશ ઈન્દ્રાણી, નાગની બાર કરે કલ્લોલ

જ્યોતિષ વ્યંતર ઇન્દ્રની ચઉ ચઉ, પર્ષદા ત્રણનો એકો

કટકપતિ અંગરક્ષક કેરો, એક એક સુવિવેકો

પરચુરણ સુરનો એક છેલ્લો, એ અઢીસેં અભિષેકો

ઈશાન ઈન્દ્ર કહે મુજ આપો, પ્રભુને ક્ષણ અતિરેકો

(જો સ્નાત્રિયાની સંખ્યા વધારે હોય તો નીચેની બે લાઈન એક થી વધારે વાર ગાવી)

તવ તસ ખોળે ઢવી અરિહાને, સોહમપતિ મનરંગે

વૃષભ રૂપ કરી શૃંગ જળે ભરી, ન્હવણ કરે પ્રભુ અંગે

ટહુકા કરતો જાય મોરલો, ટહુકા કરતો જાય (૨)

આ આ આ આ આ . . . ઓ ઓ ઓ ઓ ઓ . . .

પુષ્પાદિક પૂજીને છાંટે, કરી કેસર રંગ રોલે (૨)

મંગળદિવો આરતી કરતાં. . ., ઓ ઓ ઓ ઓ ઓ . . .

મંગળદિવો આરતી કરતાં સુરવર જય જય બોલે

કે મોરલો હા હા, કે મોરલો હા હા, કે મોરલો

ટહુકા કરતો જાય, મોરલો ટહુકા કરતો જાય

આ આ આ આ આ . . . ઓ ઓ ઓ ઓ ઓ . . .

ભેરી ભૂંગળ તાલ બજાવત, વળિયા જિન કર ધારી (૨)

જનનીઘર માતાને સોંપી. . ., ઓ ઓ ઓ ઓ ઓ . . .

જનનીઘર માતાને સોંપી, એણીપરે વચન ઉચ્ચારી

કે મોરલો હા હા, કે મોરલો હા હા, કે મોરલો

ટહુકા કરતો જાય, મોરલો ટહુકા કરતો જાય

આ આ આ આ આ . . . ઓ ઓ ઓ ઓ ઓ . . .

પુત્ર તમારો, સ્વામી હમારો, અમ સેવક આધાર (૨)

પંચ ધાવી રંભાદિક થાપી. . ., ઓ ઓ ઓ ઓ ઓ . . .

પંચ ધાવી રંભાદિક થાપી, પ્રભુ ખેલાવણ હાર

કે મોરલો હા હા, કે મોરલો હા હા, કે મોરલો

ટહુકા કરતો જાય, મોરલો ટહુકા કરતો જાય

આ આ આ આ આ . . . ઓ ઓ ઓ ઓ ઓ . . .

બત્રીસ કોડી કનક મણિ માણેક, વસ્ત્રની વૃષ્ટિ કરાવે (૨)

પૂરણ હર્ષ કરેવા કારણ. . ., ઓ ઓ ઓ ઓ ઓ . . .

પૂરણ હર્ષ કરેવા કારણ, દ્વીપ નંદીસર જાવે

કે મોરલો હા હા, કે મોરલો હા હા, કે મોરલો

ટહુકા કરતો જાય, મોરલો ટહુકા કરતો જાય

ટહુકા કરતો જાય, મોરલો ટહુકા કરતો જાય

(રાગ: ચાંદસી મેહબૂબા હો મેરી કબ)

કરીય અઠ્ઠાઈ ઉત્સવ દેવા, નિજ નિજ કલ્પ સધાવે

દીક્ષા કેવલને અભિલાષે, નિત નિત જિન ગુણ ગાવે

તપગચ્છ-ઈસર સિંહસુરીસર, કેરા શિષ્ય વડેરા

સત્યવિજય પન્યાસતણે પદ, કપુરવિજય ગંભીરા

ખીમાવિજય તસ સુજસવિજયના, શ્રી શુભવિજય સવાયા

પંડિત વીરવિજય શિષ્યે, જિન જન્મ મહોત્સવ ગાયા

(દુહાની સ્ટાઈલમાં ગાઈ શકાય - જુસ્સો વધારવા)

હે . . . ઉત્કૃષ્ટા એકસો ને સિત્તેર, સંપ્રતિ વિચરે વીશ

અતીત અનાગત કાલે અનંતા, તીર્થંકર જગદીશ

સાધારણ એ કળશ જે ગાવે (૨), શ્રી શુભવીર સવાઈ

મંગળલીલા સુખભર પાવે, ઘર ઘર હર્ષ વધાઈ

રે વ્હાલા ઘર ઘર હર્ષ વધાઈ, રે વ્હાલા ઘર ઘર હર્ષ વધાઈ